GJMR060004772010

| Received on | 26-11-2010 |
|---|---|
| Registered on | 26-11-2010 |
| Decided on | 30-03-2026 |
| Duration on Yr. Mo. Ds. Ds. | |

## ::ફોર્મ–એ::

| | |
|---|---|
| હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,<br>મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711<br>ચુકાદાની તારીખ – ૩૦/૦૩/૨૦૨૬<br>ક્રિમિનલ કેસ નંબર : ૪૯૩/૨૦૧૦<br>હળવદ પો.સ્ટે. ફર્સ્ટ પાર્ટ ગુ.ર.નં. ૧૦૧/૨૦૦૯ | |
| ફરીયાદપક્ષ: | શ્રી સરકાર |
| રજુઆત: | વિ.એ.પી.પી.શ્રી એ.પી.માલવાણીયા |
| આરોપીપક્ષ: | ***(૧) માનાભાઈ કરશનભાઈ ભરવાડ,(એબેટ)***<br>રહે. સાદપુરા, તા.સાંન્તલપુરવાળા.<br>(૨) નીલમબેન ઉર્ફે કંચનબેન ડોટર ઓફ શંકરલાલ ઉર્ફે કાંન્તીલાલ સોલંકી,<br>રહે. સીધપુર, નવાવાસ.<br>(૩) જસુબેન ઉર્ફે મંજુલાબેન વાઈફ ઓફ શંકરલાલ ઉર્ફે કાંન્તીલાલ સોલંકી,<br>રહે. સીધપુર, નવાવાસ,<br>(૪) અશ્વિનભાઈ ઉર્ફે અમૃતભાઈ ઉર્ફે અમરાભાઈ સન |

| | |
|---|---|
| | ઓફ ગોવિંદભાઈ હેમરાજભાઈ રબારી,<br>રહે. લીબડકા, તા.રાધનપુર. |
| રજુઆત | આરોપી તર્ફે વિ.વ.શ્રી ડી.એચ.પંડયા |

| | |
|---|---|
| **ગુન્હો** | ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ. |

## ::ફોર્મ–બી::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા. ૨૨/૦૭/૨૦૦૯ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા. ૨૨/૦૭/૨૦૦૯ |
| ચાર્જશીટની તારીખ | તા. ૨૬/૧૧/૨૦૧૦ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા. ૩૦/૦૩/૨૦૨૬ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | તા. ૩૦/૦૩/૨૦૨૬ |
| ઠરાવની તારીખ | તા. ૩૦/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | નીલ |

| આરોપી | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર.પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | માનાભાઈ કરશનભાઈ ભરવાડ | ૨૨/૦૩/૧૦ | ૨૫/૦૩/૧૦ | ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ | એબેટ | નીલ | નીલ |
| (૨) | નીલમબેન ઉર્ફે કંચનબેન ડોટર ઓફ | ૧૯/૦૪/૧૦ | ૨૭/૪/૧૦ | | નિર્દોષ | નીલ | નીલ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | શંકરલાલ ઉર્ફે કાન્તીલાલ સોલંકી | | | | | | |
| (૩) | જસુબેન ઉર્ફે મંજુલાબેન વાઈફ ઓફ શંકરલાલ ઉર્ફે કાન્તીલાલ સોલંકી | ૧૯/૦૪/૧૦ | ૨૭/૦૪/૧૦ | | નિર્દોષ | નીલ | નીલ |
| (૪) | અશ્વિનભાઈ ઉર્ફે અમૃતભાઈ ઉર્ફે અમરાભાઈ સન ઓફ ગોવિંદભાઈ હેમરાજભાઈ રબારી | ૨૫/૦૫/૧૦ | ૦૨/૦૬/૧૦ | | નિર્દોષ | નીલ | નીલ |

## FORM C

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ.** |
|---|---|---|---|
| ૧. | ૩૬ | ફરીયાદી | ચુનીભાઈ જેઠાભાઈ પરમાર |
| ૨. | ૩૮ | સાહેદ | પ્રકાશભાઈ ચુનીભાઈ પરમાર |

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન.** |
|---|---|---|
| ૧. | ૩૭ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૨. | ૩૯ | કલોઝીંગ પુર્સીસ |

હળવદ.

તા.૩૦/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

<u>*:: ઠરાવ ::*</u>

**આરોપી વિરુધ્ધ તહોમત :**

(૧) હાલના કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ શિક્ષા પાત્ર ગુન્હાઓનું તહોમત મુકવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષના કેસની ટૂંકી વિગત :**

(૨) આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ ભેગામળી એકબીજા સાથે મેળાપણું કરી ફરીયાદીના દિકરા પ્રકારના લગ્ન કરાવી આપવાની વાતચીત લાલચ આપી આરોપી નં.ર સાથે તા.૧૪/૦૫/૨૦૦૯ના રોજ સગાઈ કરાવી વિશ્વાસ સંપાદન કરી અલગ અલગ સમયે ફરીયાદી પાસેથી રોકડા રૂા.૯૧,૦૦૦/– પડાવી લગ્ન નહી કરાવી ફરીયાદી તથા સાહેદ ઠગાઈ વિશ્વાસઘાત કરી એકબીજા સાથે મદદગારી કરી ગુન્હો કરેલ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત :**

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદના આધારે હળવદ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૧/૨૦૦૯થી ગુન્હો દાખલ કરી તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા, આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**આરોપીને સમન્સ તથા તહોમતનામું :**

(૪.૧) સદરહુ કેસ વર્ષ–૨૦૧૦થી ન્યાય બાકી છે. ત્યારથી આજદીન સુધી વારંવાર પ્રયત્નો કરવા છતાં, આરોપી નં.૩ તથા તેઓના જામીનદારને સમન્સ/વોરંટની બજવણી કરી શકી શકાયેલ નથી. જેથી આંક–૧ તળેના હુકમ અનુસાર આ કામ ફોજદારી કાર્યરીતિની કલમ–૨૯૯ અનુસાર પુરાવો પ્રિઝર્વ કરવામાં આવેલ છે. આ કામે નીચેના સાહેદોનો પુરાવો નિવેદન તરીકે નોંધવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન :**

(૫) ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ આ કામે આંક–૩૯વાળી પુરાવો પુરો થયાની પુરશીસ તથા ફરીયાદપક્ષના સાહેદનો મૌખિક પુરાવો તથા લેખિત પુરાવો સમગ્ર રીતે વંચાણે લેતા, આ કામે આરોપીઓ સમક્ષ ખુલાસા / જવાબ માટે મુકવી પડે તેવી હકીકત રેકર્ડ પર ન હોય ક્રિ. પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ લેવાપાત્ર પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**બચાવપક્ષનો પુરાવો :**

(૬) બચાવપક્ષ તરફથી કોઈ મૌખીક કે લેખીત પુરાવો રજુ કરેલ નથી.

**પક્ષકારોની દલીલો :**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને રાખી ન્યાયીક હુકમ ફરમાવવા વિનંતિ કરેલ છે.

**મુદ્દા અને તેના નિર્ણયો :**

(૮.૧) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં. ૧ શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગામળી એકબીજા સાથે મેળાપણું કરી ફરીયાદીના દિકરા પ્રકારના લગ્ન કરાવી આપવાની વાતચીત લાલચ આપી આરોપી નં.ર સાથે તા.૧૪/૦૫/૨૦૦૯ના રોજ સગાઈ કરાવી વિશ્વાસ સંપાદન કરી અલગ અલગ સમયે ફરીયાદી પાસેથી રોકડા રૂા.૯૧,૦૦૦/- પડાવી લગ્ન નહી કરાવી ફરીયાદી તથા સાહેદ ઠગાઈ વિશ્વાસઘાત કરી એકબીજા સાથે મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

મુદ્દા નં. ૨ શું હુકમ ?

(૮.૨) કામમાં રજુ થયેલ મૌખિક અને લેખીત પુરાવા તથા કાયદાના પ્રબંધો લક્ષમાં રાખતાં, ઉપરોકત મુદ્દા માટેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારમાં,

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

(૯) પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબીતીનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરીયાદપક્ષ ધ્વારા ઉપર નોંધેલ મૌખીક પુરાવો અને લેખીત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. ફરીયાદપક્ષની દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતા પ્રબંધો ધ્યાને લીધા.

**પુરાવાનું મુલ્યાંકન**

**મુદ્દા નંબર – (૧) :**

(૧૦.૧) ફરીયાદપક્ષે આંક–૩૬થી ફરીયાદી ચુનીભાઈ જેઠાભાઈ પરમારનાઓને તપાસેલ છે. જેઓએ એવી જુબાની આપેલ છે કે,મારે સંતાનમા બે દિકરા અને એક દિકરી છે. મારા દિકરા પ્રકાશના લગ્ન થયેલ ન હતા જેથી તેના માટે અમે દિકરીની શોધમા હતા ત્યારે મનીષ પ્રશાંતભાઈ રાવલ અમારી પડોશમા રહેતો હોય જેથી તેઓએ અમોને કહેલ કે પ્રકાશ માટે મારા ધ્યાનમા એક દિકરી છે જો પ્રકાશની સગાઈ કરવી હોય તો વાત આગળ ચલાવુ, જેથી અમોએ હા કહેતા મનીષભાઈએ સીધ્ધપુર ગામે રહેતા મંજુલાબેનની દિકરી નીલમ સાથે સગાઈ કરવાની વાત કરેલ અને આ વાત આગળ ચાલતા સગાઈ કરવાનુ નકકી થયેલ અને ત્યારબાદ લગ્ન કરવાનુ નકકી કરેલ અને લગ્ન પેટે રૂા.૯૧,૦૦૦/– અમોએ દિકરીવાળાને આપેલા. ત્યારબાદ મારા દિકરાના લગ્ન થયેલ નહી અને અમોએ કેસ કરેલો. બીજુ કાંઈ બનાવ બાબતે જાણતો નથી. બનાવ અંગે મે હળવદ પો.સ્ટે.મા પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખુ છુ જે રજુ દાખલ

આંક–૩૭ આપવામાં આવે છે. મનીષભાઈ અમારી પડોશમા રહેતા હોય જેથી તેઓને ઓળખુ છુ. આ સાહેદએ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય તેઓને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતા પણ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ પુરાવો રજુ રાખેલ નથી. આરોપીઓ તર્ફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ હોય ઉલટતપાસ નથી.

(૧૦.૨) ફરીયાદપક્ષે આંક–૩૮થી સાહેદ પ્રકાશભાઈ ચુનીભાઈ પરમારનાઓને તપાસેલ છે. જેઓએ એવી જુબાની આપેલ છે કે,અમે બે ભાઈઓ અને એક બહેન છીએ જેમા સૌથી મોટો હું છુ. મારા લગ્ન થયેલ ન હતા જેથી મારા માટે મારો પરીવાર દિકરીની શોધમા હતો ત્યારે મનીષપ્રશાંતભાઈ રાવલ અમારી પડોશમા રહેતો હોય જેથી તેઓએ મારા પિતાએ કહેલ કે પ્રકાશ માટે મારા ઘ્યાનમા એક દિકરી છે જો પ્રકાશની સગાઈ કરવી હોય તો વાત આગળ ચલાવુ, જેથી મારા પિતાએ હા કહેતા મનીષભાઈએ સીઘ્ઘપુર ગામે રહેતા મંજુલાબેનની દિકરી નીલમ સાથે સગાઈ કરવાની વાત કરેલ અને આ વાત આગળ ચાલતા સગાઈ કરવાનુ નકકી થયેલ અને ત્યારબાદ લગ્ન કરવાનુ નકકી કરેલ અને લગ્ન પેટે રૂા.૯૧,૦૦૦/– અમોએ દિકરીવાળાને આપેલા. ત્યારબાદ મારા લગ્ન થયેલ નહી અને અમોએ કેસ કરેલો. બીજુ કાંઈ બનાવ બાબતે જાણતો નથી. બનાવ અંગે મારા પિતાએ હળવદ પો.સ્ટે.મા પોલીસ ફરીયાદ આપેલી. મનીષભાઈ અમારી પડોશમા રહેતા હોય જેથી તેઓને ઓળખુ છુ. પોલીસે મારુ નીવેદન નોંધેલુ.

આ સાહેદએ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય તેઓને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતા પણ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ પુરાવો રજુ રાખેલ નથી. આરોપીઓ તર્ફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ હોય ઉલટતપાસ નથી.

(૧૧) આ કામે આરોપીઓ વિરુધ્ધના આક્ષેપિત ગુનાના તત્વોને ધ્યાને લેતાં તથા રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓની સીધી અને શંકા રહીત સંડોવણી રેકર્ડ પર સાબિત થતી નથી તેમજ ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનાની તાત્વીક હકીકતો અંગેના પુરાવાનો રેકર્ડ પર અભાવ છે. જે સંજોગોમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થનકારી રહેતા નથી. પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં રાખવી મુલવતાં ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓની હાલના ગુનામાં સંડોવણી સાબિત કરી શકેલ નથી. જેથી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પરે સાબિત કરી શકેલ નથી. આરોપીઓ પાસેથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવો પુરાવો રજુ કરેલ નથી.

(૧૨) ઉપરોકત તમામ ચર્ચા અને રેકર્ડ ઉપરનો મૌખિક તથા લેખિક પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે, તેમજ આરોપીની સંડોવણી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ અદાલતએ

સિધ્ધાંત સુવધિત છે કે માત્ર એક સાહેદનો પુરાવો સુદઢ, વિશ્વસનીય અને શંકાથી પરે હોય તો તેના ઉપર આધાર રખી શકાય. પરંતૂ જયારે પુરાવામાં શંકા ઉદભવે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકત નજર સમક્ષ રાખતા આ કામે પુરાવાનો અભાવ છે અને ફરીયાદપક્ષ નિશંકપણે આરોપીઓ સામેનો આક્ષેપિત કેસ ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુનો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હીતમાં  નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

## –:: આખરી હુ ક મ ::–

(અ) આ કામના આરોપી નં.(૨) નીલમબેન ઉર્ફે કંચનબેન ડોટર ઓફ શંકરલાલ ઉર્ફે કાંન્તીલાલ સોલંકી રહે. સીધપુર, નવાવાસ, (૩) જસુબેન ઉર્ફે મંજુલાબેન વાઈફ ઓફ શંકરલાલ ઉર્ફે કાંન્તીલાલ સોલંકી રહે. સીધપુર, નવાવાસ, (૪) અશ્વિનભાઈ ઉર્ફે અમૃતભાઈ ઉર્ફે અમરાભાઈ સન ઓફ ગોવિંદભાઈ હેમરાજભાઈ રબારી રહે. લીબડકા, તા.રાધનપુરનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૩૯ સાથે વાંચતા કલમ–૨૯૯ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં

આવે છે.

(બ) આ કામે આરોપી નં.(૧) માનાભાઈ કરશનભાઈ ભરવાડ રહે. સાદપુરા, તા.સાંન્તલપુરવાળા ચાલુ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મરણ ગયેલ હોય તેઓ વિરુધ્ધનો કેસ એબેટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ક) આરોપીઓના ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવા માટે રજુ કરેલ ખત તથા જામીન આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ક) આ કામના આરોપીઓ ધ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારુ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ રજુ કરેલ રુપિયા ૧૫,૦૦૦/– (રુ. પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(ડ) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ / રીવીઝનનો નિર્ણય / નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(ઈ) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલ ના નિયમ–૧૭૯(એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ તા.૩૦મી માહે:માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં હળવદ મુકામે વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૩૦/૦૩/૨૦૨૬ (નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*

*Steno.*